# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨ તા.૦૫-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી શાળાઓમાં ધોરણ-૧થી અંગ્રેજી વિષયનું શિક્ષણ શરૂ કરવા તેમજ ધોરણ-૬થી ક્રમશઃ ગણિત-વિજ્ઞાનના દ્વિભાષી પાઠયપુસ્તકોનું અમલીકરણ કરવા બાબત.

સંદર્ભ : ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૨૨/૩૫૩૬-૩૬૬૩ તા.૦૪/૦૪/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૨ના પત્ર અન્વયે જરૂરી નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૫-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી શાળાઓમાં ધોરણ – ૧ થી અંગ્રેજી વિષયનું શિક્ષણ શરૂ કરવા તેમજ ધોરણ – ૬ થી ક્રમશ: ગણિત – વિજ્ઞાનના દ્વિભાષી પાઠ્યપુસ્તકોનું અમલીકરણ કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઈ / ૧૧૨૦૨૧ / ૬૨૨ / ક
બ્લોક નં. ૫, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭/૦૩/૨૦૨૨

વંચાણે લીધા :

૧. શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પસિદ્ધ કરેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ માં કરવામાં આવેલ બહુભાષિતા અંગેની ભલામણ
૨. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ માં વિજ્ઞાન અને ગણિત માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત દ્વિભાષી પાઠ્યપુસ્તકો અને અધ્યયન - અધ્યાપન સામગ્રી તૈયાર કરવા અંગેની ભલામણ

પ્રસ્તાવના :

સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦નો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યમાં પણ સદર નીતિના અમલીકરણ સંદર્ભે શિક્ષણ પ્રણાલીમાં જરૂરી સુધારા કરવા માટેની શરૂઆત કરવામાં આવી છે. આ અનુસંધાને, રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જણાવ્યામુજબ શિક્ષણ પ્રણાલીમાં શીખવા-શીખવવાની પ્રક્રિયામાં માતૃભાષાની સાથે સાથે બહુભાષિતાને પ્રોત્સાહન આપવાનું સૂચવાયેલ છે.

DPO I/c પરિપત્રિત કરવું ... વિચારાર્થે

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ના મુદ્દા નંબર ૪.૧૨ અનુસાર "*સંશોધન સ્પષ્ટપણે દર્શાવે છે કે બાળકો ૨ થી ૮ વર્ષની ઉંમર વચ્ચે અત્યંત ઝડપથી ભાષાઓ શીખી લે છે અને બહુભાષિતાથી આ ઉંમરના વિદ્યાર્થીઓને ઘણા બધા જ્ઞાનાત્મક લાભો થાય છે. પ્રારંભિક તબક્કાથી જ તમામ ભાષાઓને આનંદદાયક રીતે આંતરક્રિયાત્મક શૈલીમાં તથા*



Scanned by CamScanner

પારસ્પરિક વાતચીત દ્વારા ભણાવવામાં આવે. ધોરણ - ૩ અને પછીના ધોરણોમાં અન્ય ભાષામાં વાંચવા અને લખવા માટેનાં કૌશલ્યો વિકસિત કરવામાં આવે. વિવિધ ભાષાઓને શીખવવા માટે તથા ભાષાશિક્ષણને લોકપ્રિય બનાવવા માટે ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવે."

આ ઉપરાંત, સદર દસ્તાવેજમાં મુદ્દા ૪.૧૪માં દર્શાવવામાં આવ્યુ છે કે "વિજ્ઞાન અને ગણિત માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત દ્વિભાષી પાઠ્યપુસ્તકો અને અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓ બંને વિષયો વિશે વિચારવા અને બોલવા માટે તેમની માતૃભાષા અને અંગ્રેજી બંનેમાં સક્ષમ બની શકે."

સાંપ્રત સમયમાં અંગ્રેજી વિષયની ઉપયોગિતા વધી રહી છે ત્યારે સમાજ અને વાલીઓ પણ ઈચ્છે છે કે બાળકો અંગ્રેજી વિષયમાં પારંગત બને. પરિણામે, અંગ્રેજી માધ્યમની શાળાઓમાં નામાંકન પણ વધ્યું છે. અંગ્રેજી વિષય સારી રીતે શીખવા માટે અંગ્રેજી માધ્યમની નહિ, કોઈપણ માધ્યમમાં સારા અંગ્રેજી શિક્ષણની જરૂરિયાત હોય છે. યોગ્ય રીતે અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવે તો ગુજરાતી માધ્યમમાં પણ ઉત્તમ અંગ્રેજી શિક્ષણ મેળવી શકાય છે.

ઠરાવ :

ઉપરોક્ત બાબતે થયેલ પુખ્ત વિચારણાના અંતે, રાજ્યની અંગ્રેજી માધ્યમ સિવાયનાં માધ્યમની શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ધોરણ - ૧ થી અંગ્રેજી વિષયનું શિક્ષણ શરૂ કરવા તથા ધોરણ - ૬ થી ક્રમશઃ દ્વિભાષી પાઠ્યપુસ્તકોનો અમલ કરવા બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

૧. ધોરણ - ૧ અને ૨ માં શ્રવણ અને કથન કૌશલ્યને લગતી વિવિધ પ્રવૃત્તિઓ ઉપર આધારિત પરિચયાત્મક અંગ્રેજી વિષય દાખલ કરવામાં આવશે.

૨. ધોરણ - ૩ થી ૫ અંગ્રેજી (દ્વિતીય ભાષા)માં શ્રવણ - કથન - વાચન અને લેખન કૌશલ્ય વિકસે તે રીતે શિક્ષણ આપવામાં આવશે.

૩. ધોરણ - ૩ થી ૫ માં ગણિત અને પર્યાવરણ વિષયના પાઠ્યપુસ્તકોમાં મહત્વના શબ્દો માટેની અંગ્રેજી પરિભાષા (Terminology)નો સમાવેશ કરવામાં આવશે.

૪. ધોરણ - ૬ થી ૮ માં ગણિત અને વિજ્ઞાન વિષયનાં દ્વિભાષી પાઠ્યપુસ્તકોનો અમલ કરવામાં આવશે. ગણિત અને વિજ્ઞાન સિવાયના તમામ વિષયોનાં પાઠ્યપુસ્તકો જે તે માધ્યમની ભાષાઓમાં યથાવત રહેશે.

Scanned by CamScanner

૫. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ ૬, વર્ષ ૨૦૨૩-૨૪ માં ધોરણ ૭ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫ માં ધોરણ ૮માં ગણિત અને વિજ્ઞાન વિષયનાં દ્વિભાષી પાઠ્યપુસ્તકો અમલી બનશે.

૬. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી ધોરણ ૯ થી ૧૨ માં ગણિત-વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકો ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન વિષય માટે બંને પૈકી કોઈ એક માધ્યમ પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવશે.

૭. સ્કૂલ્સ ઓફ એક્સલન્સ (SoE) અંતર્ગત પસંદ થનાર ૧૫,૦૦૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં દ્વિભાષી પાઠ્યપુસ્તકો અને દ્વિભાષી અધ્યયન- અધ્યાપન સામગ્રીનો ફરજીયાત અમલ કરવામાં આવશે. જ્યારે, અન્ય સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઇ સ્વૈચ્છિક ધોરણે અમલ કરવામાં આવશે.

૮. અંગ્રેજી માધ્યમ સિવાયની સ્વનિર્ભર શાળાઓ સ્વૈચ્છિક ધોરણે દ્વિભાષી પાઠ્યપુસ્તકો અને દ્વિભાષી અધ્યયન-અધ્યાપન સામગ્રીનો ઉપયોગ કરી શકશે. જેની નોંધણી જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી અથવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીમાં થશે.

૯. સ્કૂલ્સ ઓફ એક્સલન્સમાં પસંદ થયેલ તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, તેમજ સ્વૈચ્છિક રીતે જોડાયેલ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ - ૬માં દાખલ થનારા વિદ્યાર્થીઓ દ્વિભાષી પાઠ્યપુસ્તકોનો અસરકારક ઉપયોગ કરી શકે તે માટે અંગ્રેજી ભાષા સજ્જતા અને ગણિત-વિજ્ઞાનનાં અંગ્રેજી પારિભાષિક શબ્દો (Terminology) ની સમજૂતી આપતો એક માસનો બ્રીજ કોર્સ ૨૦૨૨-૨૩ના શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જે તે શાળા કક્ષાએ યોજવાનો રહેશે.

૧૦. ધોરણ ૧-૨ ના પરિચયાત્મક અંગ્રેજી શિક્ષણ તેમજ ધોરણ ૩ થી ૫ નાં અંગ્રેજી વિષયનાં નવાં પાઠ્યપુસ્તકો તથા ધોરણ ૬ થી ૧૨ નાં ગણિત- વિજ્ઞાનનાં દ્વિભાષી પાઠ્યપુસ્તકો અન્વયે તમામ સરકારી અને અનુદાનિત શાળાઓનાં શિક્ષકો માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) દ્વારા શિક્ષક-તાલીમ યોજવામાં આવશે. સ્વનિર્ભર શાળાઓના શિક્ષકો માટે જરૂરિયાત મુજબ તાલીમ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૧૧. ધોરણ ૬માં દાખલ થનાર બાળકો માટેના બ્રીજ કોર્સની સામગ્રી GCERT દ્વારા તૈયાર કરવામાં આવશે તેમજ સમગ્ર શિક્ષા (SSA) દ્વારા શાળાઓ સુધી પહોંચાડવામાં આવશે.

Scanned by CamScanner

૧૨. ઉપરોક્ત બાબતોનો સમયસર અમલ થાય એ રીતે ધોરણ ૧-૨ પરિચયાત્મક અંગ્રેજીની શિક્ષક આવૃત્તિઓ, ધોરણ ૩ થી ૫ નાં અંગ્રેજી પાઠ્યપુસ્તકો તથા ધોરણ ૬ થી ૮ નાં દ્વિભાષી પાઠ્યપુસ્તકો ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તૈયાર કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
ગુ.રા., ગાંધીનગર
29 MAR 2022
આવક નં: ૬૬૬૦૨
શાખા : સંકલન

(ભાવેશ એરડા)
અધિક સચિવ
શિક્ષણવિભાગ

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
(૨) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્યસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર
(૪) અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,
(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોકનં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૭) નિયામકશ્રી, નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૮) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર
(૯) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), સેક્ટર-૧૨, ગાંધીનગર
(૧૦) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
(૧૧) સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
(૧૨) સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
(૧૩) સર્વે શાસનાધિકારીશ્રી
(૧૧,૧૨ અને ૧૩) મારફતે: નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ
(૧૪) શાખા સિલેક્ટ ફાઇલ

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૨૨/૩૪૩૬-૩૬૬૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૦૪/૦૪/૨૦૨૨

શિક્ષણ વિભાગના ઉક્ત તા.૧૭/૦૩/૨૦૨૨ ના પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરાવવા સારૂ . . .

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે રવાના:-</u>
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ . . .</u>

શ્રી ભાવેશ એરડા, અધિક સચિવશ્રી, ક - શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨-A તા.૦૫-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા માટે પ્રવાસી શિક્ષકોની નિમણૂંકની મુદતમાં વધારો કરવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૨૯૪૫-૩૦૧૨ તા.૦૪/૦૪/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબ માર્ચ-૨૦૨૨ માટે માનદવેતનથી નિમણૂંક આપેલ પ્રવાસી શિક્ષકોની મુદ્દત આગામી તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૦/૦૪/૨૦૨૨ સુધી લંબાવવાની મંજુરી આપવામાં આવેલ છે. આપની શાળામાં નિમવામાં આવેલ પ્રવાસી શિક્ષકોને એપ્રિલ-૨૦૨૨ના સમયગાળા માટે માનદવેતનની ચૂકવણી નિયમોનુસાર કરવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા. ૦૫-૦૪-૨૦૨૨

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/2022/૨૧૪૫-૩૦૧૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 04/04/2022

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સબંધિત
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવા માટે પ્રવાસી શિક્ષકોની નિમણુંકની મુદતમાં વધારો કરવા બાબત.

સંદર્ભઃ- (1) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.21/12/2015
(2) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃબમશ/1014/140/ગ તા.20/12/2021
(3) આ કચેરીના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ/ક-નીતિ/2022/1410-80 તા.19/02/2022

ઉપર્યુક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગના સંદર્ભ-1 ઠરાવથી રાજ્યની જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યાઓ પૈકી ખાલી રહેલ જગ્યાઓ નિયમિત રીતે ભરાય ત્યાં સુધી શિક્ષણકાર્ય અટકે નહીં તે હેતુથી તાસદીઠ માનદવેતનથી શિક્ષણકાર્ય કરાવવાની યોજના સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. જે અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભ-2 પત્રથી ચાલુ શૈક્ષણિક વર્ષ 2021-22 માટે તાસદીઠ માનદવેતનથી પ્રવાસી શિક્ષકોની નિમણુંક આપવાની મંજૂરી આપેલ છે. જે અનુસાર આ કચેરીના સંદર્ભ-3 ના પત્રથી આ કચેરી દ્વારા જીલ્લાવાર ફાળવેલ પ્રવાસી શિક્ષકોની મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ તા.01/03/2022 થી તા.31/03/2022 સુધી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવા સૂચના આપેલ હતી.

સદર બાબતે માન.મંત્રીશ્રી શિક્ષણની સુચના અનુસાર એપ્રિલ માસમાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર હોઈ, આ કચેરીના સંદર્ભ-3 પત્રની સૂચનાઓ અને શરતોને આધિન માર્ચ-2022 માટે માનદવેતનથી નિમણૂંક આપેલ પ્રવાસી શિક્ષકોની મુદત આગામી તા.01/04/2022 થી તા.30/04/2022 સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવે છે.

આપના જિલ્લામાં નિમવામાં આવેલ પ્રવાસી શિક્ષકોને એપ્રિલ-2022 ના સમયગાળા માટે માનદવેતનની ચૂકવણી કરવા નીચે મુજબના નિયત નમુનામાં કરવાની રહેશે.

C:\Users\DELL\Desktop\Pravasi\Letter_2022.doc 9-Nov-21_7

Scanned with CamScanner

## એપ્રિલ-2022 માટે પ્રવાસી શિક્ષકોની ગ્રાન્ટ માંગણી પત્રક

જિલ્લોઃ-

| શાળાનો પ્રકાર | નિમણુંક આપેલ પ્રવાસી શિક્ષકોની સંખ્યા | માર્ચ-2022 માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટની રકમ | માર્ચ-2022 માટે ચૂકવવામાં આવેલ પગારની રકમ | ફાળવેલ ગ્રાન્ટ પૈકી બચત રહેલ રકમ (કોલમ 3-4) | એપ્રિલ-2022 ના પગાર માટેની જરૂરીયાત | બચત બાદ કરતાં ખરેખર જરૂરીયાતની રકમ (કોલમ 6-5) |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| ધો-1 થી 5 | | | | | | |
| ધો-6 થી 8 | | | | | | |
| કુલ | | | | | | |

નામઃ
સહી
જિલ્લા શિક્ષણાધિકારી/
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/
શાસનાધિકારી

નોંધ ઉપર નિયામકશ્રીના આદેશાનુસાર.

(એમ. કે. રાવલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

C:\Users\DELL\Desktop\Pravasi\Letter_2022.doc 9-Nov-21_8

Scanned with CamScanner